જન્મદિને વધામણી

નીરંજના પ્રદીપસિંહ બિહોલા
ટ્રસ્ટી, સરસ્વતી વિદ્યાલય
મો. ૯૯૦૯૪ ૧૨૨૬૯

મીત કોચાણી
સર્વ નેતૃત્વ ગ્રુપ



અરવિંદભાઈ વી તપોધા
મો. ૮૫૧૧૮ ૮૮૪૯૬

શ્રી જે બી પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓ ખીલવી વિજ્ઞાન અને ટેકનોલોજીમાં નવિનતમ વૈજ્ઞાનિક અભિગમ સાથે વિજ્ઞાનના સિદ્ધાંતોનું જ્ઞાન પ્રદાન કરવાની પ્રેરણા મળે તેવા હેતુ સાથે તાજેતરમાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ શિક્ષકો અને વાલીઓના સંયુક્ત માર્ગદર્શન દ્વારા સ્વયં વિવિધ પ્રોજેક્ટનું નિર્માણ કરી ૧૦૬ જેટલી વિજ્ઞાન કૃતિઓ, ૬૫ જેટલા કેનવાસ તથા સાદા પેઈન્ટિંગ અને ૨૦૭ જેટલા ક્રાફ્ટના નમૂના રજૂ કર્યા હતા. કેમ્પસની તમામ શાળાના આચાર્યોએ તથા મોટી સંખ્યામાં વાલીઓએ પ્રદર્શન નિહાળી બાળ વૈજ્ઞાનિકો, આર્ટ કલાકારોનાં કાર્યને બિરદાવી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. શાળા પરિવાર વતી આચાર્ય નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ઓઆસીસ બાસ્કેટ બૉલ ક્લબ અને ઍચ ઍલ કૉમર્સ કૉલેજ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે થોભ્યા વગર સતત ૩૬ કલાક ચાલતી બાસ્કેટ બૉલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર ગુજરાતની ૨૯ ટીમ અંતર્ગત ૩૨૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

આ ટુર્નામેન્ટમાં ડીપીએસ ગાંધીનગરની અન્ડર ૧૯ બોય્ઝની ટીમે દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરીને વિદ્યાલયનું નામ રોશન કર્યું હતું. અંતિમ મેચમાં 'સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા', ગાંધીનગરની ટીમ વિજેતા બની હતી. ડીપીએસ ગાંધીનગરના આચાર્ય અતનુ રથે આ અભૂતપૂર્વ સિદ્ધિ બદલ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ભાટ અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ઈજનેરીની દરેક શાખાના એક સપ્તાહ ટેકનીકલ વર્કશોપ અને ટ્રેનિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. સાયબર સિક્યુરિટી, સોલાર એનર્જી, એન્જિન ડિઝાઈનિંગ, રોબોટીક્સ, સર્કિટ ડિઝાઈનીંગ જેવા વિષયો અન્વયે ટેકનીકલ એક્સપર્ટ દ્વારા પ્રેઝન્ટેશન અને તાલીમ આપવામાં આવી હતી. આ પ્રસંગે જીટીયુના વીસી ડૉ. નવિન શેઠ, સંસ્થાના ડિરેક્ટર ધર્મેશ વંડરા, ગુજકોસ્ટના ડિરેક્ટર નરોત્તમ સાહુ દ્વારા આ ઉપક્રમને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

રાષ્ટ્રીય મતદાન દિવસની ઉજવણી તાજેતરમાં શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં ચાલતા ઈલેક્શન સેલ અને એનએસએસ યુનિટ દ્વારા કરવામાં આવી હતી.

એનએસએસ વોલન્ટીયર દ્વારા પ્રતિજ્ઞાપત્રનું વાચન કરી સૌને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આચાર્ય દ્વારા મતદાન જાગૃતિ અને નાગરિકની ફરજો તથા જવાબદારી યાદ કરાવવામાં આવી હતી.

આ પ્રસંગે ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. મતદાન કાર્ડ નહીં ધરાવતા વિદ્યાર્થીઓને આ માટેનાં ફોર્મ ભરાવવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના આચાર્ય ડૉ. ઍમ ઍમ ચૌધરી, ઍનઍસઍસ કો-ઓર્ડિનેટર ડૉ. નરેન્દ્રભાઈ પટેલ અને ઈલેક્શન સેલના પ્રોગ્રામ ઓફિસર ડૉ. હેમાંગિનીબેન વાઘેલાએ જહેમત ઉઠાવી હતી.

એલડીઆરપી આઈટીઆર કૉલેજના એનસીસી કેડેટ્સનો દેશપ્રેમ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧

એલડીઆરપી આઈટીઆર કોલેજના એનસીસી કેડેટ્સ દ્વારા ગાંધીનગરમાં સ્થિત ફતેહપુરા વિસ્તારમાં દેશપ્રેમની ભાવના અભિવ્યક્ત કરવા અને દેશના વીર જવાનોની યાદમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના એનસીસી કેડેટ્સ દ્વારા શેરી નાટક અને માઈમની પ્રસ્તુતિ કરી શહીદોને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. ગ્રામજનોમાં દેશપ્રેમને જાગ્રત કરવા એસો. એનસીસી ઓફિસર લેફ. નોરીન જે વેપનાના માર્ગદર્શન હેઠળ રેલીનું આયોજન પણ કેડેટ્સ દ્વારા કરવામાં આવ્યું હતું.

કૉલેજનાં આચાર્ય ડૉ. ગાર્ગી રાજપરાએ કેડેટ્સને આ ઉમદા સેવાકાર્ય બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ (બી-ગ્રૂપ) બાદ કયા કયા ક્ષેત્રમાં આગળ વધી શકું ?

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગર ની આસપાસ ના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવા થી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર

પ્રશ્ન-૧ હું ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ માં અભ્યાસ કરું છું. મારે એ જાણવું છે કે બી-ગ્રૂપ બાદ કયા કયા ક્ષેત્ર માં આગળ વધી શકું? અને કયું ક્ષેત્ર પસંદ કરવું હિતાવહ રહેશે?

- સમીર ઉપાધ્યાય , અમદાવાદ

જે વાચક મિત્રો ને ખ્યાલ નથી એમને જણાવી દઈએ કે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ ની પરીક્ષા સામાન્ય રીતે બે જુથોમાં પસાર

કરાતી હોય છે. ફિઝિકસ અને કેમેસ્ટ્રી બંનેમાં સામાન્ય હોય, પરંતુ 'એ' ગ્રુપમાં મુખ્ય વિષય ગણિત હોય જ્યારે 'બી' ગ્રુપમાં જીવ વિજ્ઞાન (બાયોલોજી) હોય છે.હવે આપના પ્રશ્ન ઉપર આવીએ તો બી ગ્રુપમાં સૌથી વધુ ડિમાંડ તબીબી ક્ષેત્ર (એમબીબીએસ)ના કોર્સની હોય છે. તેટલો જ મહત્વનો કોર્સ દાંતના ડોક્ટર (બીડીએસ) બનવાનો છે. તો અન્ય જાણીતા કોર્સ હોમિયોપેથી (બીએચએમએસ) અને આયુર્વેદિક ડોક્ટર (બીએએમએમ) અને નર્સિંગ માટે (બેચલર ઈન નર્સિંગ), ફિઝિયોથેરાપી, ફાર્મસી (બેચલર ઈન ફાર્મસી અને ડિપ્લોમા ઈન ફાર્મસી) આંખના ડોક્ટરના સહાયક બનવા માટે (બેચલર ઈન ઓપ્થેલમોલોજી), પશુ ચિકિત્સક બનવા માટે (વેટરિનરી સાયન્સ એન્ડ એનિમલ હસબન્ડરી), ડેરી ટેક્નોલોજિસ્ટ, બી.એસસી. (એગ્રિકલ્ચર), હોમ સાયન્સ, મત્સ્ય ઉછેરને લગતો કોર્સ (હોર્ટિકલ્ચર), જંગલ વિભાગ માટે (ફોરેસ્ટ્રી), માઈક્રો બાયોલોજી, બાયો ટેક્નોલોજી, પ્રાણીશાસ્ત્ર (ઝૂઓલોજી), વનસ્પતિશાસ્ત્ર (બોટની)ના દરવાજા ખખડાવી શકાય છે.હવે આપના બીજા પ્રશ્ન ની વાત કરીએ તો એ સંપૂર્ણ આપના પર આધાર રાખે છે કે આપ ની રુચિ કયા ક્ષેત્ર માં આગળ વધવાની છે.ઉપયુક્ત ક્ષેત્ર માંથી કોઈ પણ ક્ષેત્ર માં આગળ વધી શકો છો. આ દરેક ક્ષેત્ર ની ઉપયોગિતા આવનાર ભવિષ્ય માં વધવાની જ છે. આપ બસ સારી મહેનત કરીને સારા માર્કસ લાવી આપના મનપસંદ કોઈ પણ ક્ષેત્ર માં આગળ વધી શકો છો.

પ્રશ્ન ૨ - હું અત્યારે ગ્રેજ્યુએશન કરી રહ્યો છું. ભારત માં રહી ને સરકારી નોકરી ની તૈયારી કરાય કે વિદેશ જઇ ને જોબ કરું? વિદેશ માં જવા માટે શું કરવું જોઈએ?

- મનન દેસાઇ, હિંમતનગર

તમે તમારી કારકિર્દીને જે દિશામાં લઈ જવા માંગતા હોવ ત્યાં લઈ જઈ શકો છો. તમે જણાવેલ બંને વિકલ્પ ખૂબ સરસ છે. વિદેશમાં બહોળી તકો છે અને ભારતમાં તકોની કોઈ કમી નથી. વિદેશ જવા માટે સૌથી પેહલા તમારે કયા દેશમાં જવું છે તે નક્કી કરવું પડશે. તમે ૨-૩ દેશોને વિકલ્પ તરીકે પસંદ કરી શકો છો. તેના પછી કયો અભ્યાસ ક્રમ ત્યાં કરવો છે તે નક્કી કરો અને તદુપરાંત તેને લગતી પરીક્ષાઓ

તમારે આપવી પડશે. સામાન્ય રીતે વિદેશમાં અભ્યાસ માટે આઇ.ઈ.એલ.ટી.એસ., ટી.ઓ.ઈ.એફ.એલ., એસ.એ.ટી., જી.આર.ઈ., જી.એમ.એ.ટી.જેવી પરીક્ષાઓ આપવી પડતી હોય છે. હવે તમારા બીજા વિકલ્પની, એટ્લે કે સરકારી નોકરીની, વાત કરીએ તો તેમાં પણ તમારી પાસે ઘણા વિકલ્પ છે. સૌથી પેહલા એ નક્કી કરો કે રાષ્ટ્રીય કક્ષાની નોકરી જોઈએ છે કે રાજ્ય કક્ષાની. રાજ્ય સરકાર દ્વારા લેવાતી પરીક્ષા અલગ પ્રકારની હોય છે કેન્દ્ર સરકાર દ્વારા લેવાતી પરીક્ષાઓ કરતાં. જે પણ સ્તર તમે નક્કી કરો, તમારે તેને લગતી સ્પર્ધાત્મક પરીક્ષા જરૂર આપવી પડશે. ચોક્કસ પ્લાનિંગ સાથે મેહનત કરશો તો સફળતા જરૂર મળશે. સામાન્ય જ્ઞાન એટ્લે કે જી.કે.ની નિયમિત તૈયારી કરવાનું ભૂલતા નહીં. ઓલ ધી બેસ્ટ.

પ્રશ્ન : ૩ - હું સ્પર્ધાત્મક પરીક્ષા ની તૈયારી કરું છું. મને આર.આર.બી. એટ્લે કે રેલ્વે અને બેંકિંગ ની બંને પરીક્ષાઓ વિષે માહિતી આપવા વિનંતી.

- સૌરવ મંગલાની

સૌરવ, આર.આર.બી. ની પરીક્ષા વિષે તમે જાણવા માંગો છો. એક રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ અને બીજું રીજનલ રૂરલ બૅંક (ગ્રામીણ બૅંક). અમે તમને બંને વિષે થોડી માહિતી આપીશું. રેલ્વે માં જોબ માટે રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ દ્વારા લેવાતી

પરીક્ષાને આર.આર.બી આપવી પડે છે. તેમાં મુખ્યત્વે ચાર ગ્રુપ હોય છે – ગ્રુપ એ, ગ્રુપ બી, ગ્રુપ સી અને ગ્રુપ ડી. ગ્રુપ એ એટ્લે સીનિયર પોજિશન માટે હોય છે અને તેની પરીક્ષા યુ.પી.એસ.સી. દ્વારા લેવામાં આવે છે. ગ્રુપ બી માટે મોટાભાગે ગ્રુપ 'સી' માંથી પ્રમોશન મેળવેલા લોકોને સિલેક્ટ કરવામાં આવે છે. ગ્રુપ 'સી' અને 'ડી' ની પરીક્ષા ભારતમાં સ્થિત ૨૧ રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ લેતા હોય છે. રેલ્વેમાં ટેક્નિકલ અને નોન-ટેક્નિકલ એવી બે પરીક્ષા લેવાતીહોય છે. સામાન્ય રીતે ગણિત, અંગ્રેજી, તાર્કિક (રીજનિંગ), જનરલ નોલેજ અને જનરલ સાઈન્સ પર પ્રશ્નો પૂછાતા હોય છે. ટેક્નિકલ પરીક્ષામાં ટેક્નિકલ વિષયોનો પણ સમાવેશ કરવામાં આવે છે. જોબ પ્રમાણે ઘણી વખત "ટાઈપિંગ ટેસ્ટ' વિગેરે પણ લેવામાં આવે છે. હવે વાત કરીયે રીજઓનલ રૂરલ બૅંક એટ્લે કે ગ્રામીણ બૅંક ની. આ પરીક્ષામાં બે પ્રકારની પોસ્ટ હોય છે –એક અસિસ્ટેંટ (ક્લાર્ક) તરીકે અને બીજી ઓફિસર તરીકે. આ પરીક્ષાથી તમે અલગ-અલગ રાજ્યોમાં સ્થિત ગ્રામીણ બૅન્કોમાં નોકરી મેળવી શકો છો. આ પરીક્ષામાં બે થી ત્રણ તબક્કા હોય છે – પ્રિલિમ, મેઈન અને ઈન્ટરવ્યૂ/સ્કીલ ટેસ્ટ. સામાન્ય રીતે આ પરીક્ષામાં પણ ગણિત, અંગ્રેજી, તાર્કિક (રીજનિંગ), જનરલ નોલેજ પર પ્રશ્નો પૂછાતા હોય છે. ઓફિસર અને અસિસ્ટેંટ , બંને પરીક્ષાઓમાં પ્રિલિમ પરીક્ષામાં અંગ્રેજી પૂછાતું નથી પણ મેઈન પરીક્ષામાં પૂછાતું હોય છે. ઓફિસરની પોસ્ટ માટે પ્રિલિમ અને મેઈન પરીક્ષા પાસ કર્યા પછી ઈન્ટરવ્યૂ આપવો પડતો હોય છે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો.શુભકામનાઓ.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ ઍડ્ર, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 8849221653
ફેસબુક: www.facebook.com/questions.careercorner

મારા મહાત્મા

॥ અગિયારમો મણકો ॥

અગાઉ જોયું તેમ ગાંધીજીના આત્માની ગતિ મન્વંતરમાં ફસાયેલી હતી. ભારત દેશની સ્વતંત્રતા એ તેમના મનની ઈચ્છામાત્ર ન રહેતાં તે તેમની આત્મિક વાસના બની ગઈ હતી. જે તેમના સમગ્ર જીવનક્રમને સમજવાથી પ્રતીત થાય છે. પરંતુ શા માટે આવી ભગીરથ વાસના લઈ તેઓ આવ્યા હતા ?

આ વાતનું રહસ્ય જાણવા આપણે પૂર્વજન્મ સુધી જવું જરૂરી બને છે. ગાંધીજીના દેહમાં રહેલો આત્મા પૂર્વજન્મમાં કોઈ એવા યોગસિદ્ધ પુરુષ કે સદ્યમુક્તિના ધ્યેયવાળા સાધકમાં હશે કે જેની ઉગ્ર સાધનાને અંગ્રેજ સરકારે કોઈપણ કારણસર જાણે-અજાણે ભંગ કરી હશે અને તે સાધકને તેના તપશ્ચર્યાના સ્થળ પરથી સ્થાનભ્રષ્ટ કર્યા હશે. (જ્ઞાનથી આવું સમુચિત અનુમાન થઈ શકે) આમ થવાથી તેમની તપશ્ચર્યાનો ભંગ થતાં તે



જ ક્ષણથી તેમણે પ્રણ લીધું હોય કે તેમના પ્રાણની આહુતિ આપશે પરંતુ સ્વમાતૃભૂમિને ગુલામીની બેડીઓમાંથી મુક્ત કરાવવા પ્રયત્નો કરશે અને અંગ્રેજોને ભારત દેશ છોડવા મજબૂર કરશે. આ સાંસારિક કાર્ય સંસારમાં આવ્યા બાદ જ શક્ય હોઈ આ યોગીનો આત્મા મન્વંતરમાંથી પાછો વળી મોહનદાસ કરમચંદ ગાંધીના દેહરૂપે ફરી મૃત્યુલોકમાં અવતર્યો હોય. તેથી જ ગાંધીજીનો દેહ ધારણ કરી આ આત્માની એક જ વાસનાપૂર્તિનું ધ્યેય રહ્યું હોય, 'સ્વતંત્રતા, સ્વતંત્રતા અને બસ સ્વતંત્રતા.'

આ મુખ્ય કાર્યની સાથે સાથે ગાંધીજીએ કસ્તૂરબા સાથે સંસાર માંડી આદ્યશક્તિ જોગમાયાની પણ અધૂરી રહેલી માગણી સંતોષી હતી.

આથી જ જ્યારે દુનિયા આખી એમ સમજે છે કે મહાત્મા ગાંધીએ જીવનપર્યંત લોકોની સેવા કરી ભારત રાષ્ટ્રની સ્વાધીનતાનું ભગીરથ કાર્ય પાર પાડ્યું ત્યારે આત્મિક દૃષ્ટિકોણથી વિચારતાં ફળીભૂત થાય છે કે તેમણે માત્ર અગાઉ લીધેલા ભીષ્મપ્રણને પૂર્ણ કર્યું અને દુન્યવી દૃષ્ટિએ અકલ્પ્ય તથા અશક્ય લાગતું કાર્ય સિદ્ધ કરી મોહનદાસ કરમચંદ ગાંધી નામના દેહની આહુતિ ચડાવી, તે આત્મા પુનઃ તે જ પૂર્વવત મન્વંતરની સ્થિતિ પ્રાપ્ત કરી ગયો હશે.

150 ગાંધીયાત્રા

ગાંધીજીના આત્માને પરમાત્મામાં એકરૂપ થવાનું કદાચ બાકી પણ રહ્યું હોય તો તેનું કારણ તેમની સ્વતંત્રતા માટેની આત્મિક વાસના જ હશે. કેમ કે પૂર્ણ મોક્ષનું (સાયુજ્ય મુક્તિનું) ધ્યેય કેવળ પૂર્ણતય નિર્વાસનિક આત્મા જ મેળવી શકે. આવાં કારણોને લીધે જ ગાંધીજીનું મનોબળ ખૂબ જ દૃઢ અને આત્મબળ ખૂબ જ ઊંચું હતું. તેમણે જે કંઈપણ કાર્ય કર્યું તે મનની ઈચ્છાઓને આધીન નહીં, પરંતુ આત્માના અવાજ અનુસાર કર્યું. તેથી જ તેમના દરેક કાર્યના પાયામાં સત્યની મજબૂતી અને રણકાર હતાં.

આવા મહામાનવ અને ઉચ્ચ કોટિના આત્માને વારંવાર વંદન હો.

અસ્તુ.

- ડૉ. બદ્રિશ એચ સંઘવી